# દુબઈના જેબેલ અલીમાં ભારત માર્ટનો વર્ચ્યુઅલ શિલાન્યાસ

ફેબ્રુઆરી 14, 2024

14 ફેબ્રુઆરી 2024 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મહામહિમ શેખ મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને દુબઈના શાસકે, DP વર્લ્ડ દ્વારા દુબઈમાં બાંધવામાં આવનાર જેબેલ અલી ફ્રી ટ્રેડ ઝોન ખાતે ભારત માર્ટનો વર્ચ્યુઅલ રીતે શિલાન્યાસ કર્યો.

2. બંને નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત માર્ટ જેબેલ અલી પોર્ટના વ્યૂહાત્મક સ્થાન અને લોજિસ્ટિક્સમાં મજબૂતાઈનો લાભ લઈને ભારત-UAE દ્વિપક્ષીય વેપારને વધુ આગળ વધારશે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, ભારત માર્ટમાં ખાડી દેશો, પશ્ચિમ એશિયા, આફ્રિકા અને યુરેશિયામાં આંતરરાષ્ટ્રીય ખરીદદારો સુધી પહોંચવા માટે અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડીને ભારતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ક્ષેત્રોની નિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવવાની ક્ષમતા છે.

**દુબઈ**
**14 ફેબ્રુઆરી, 2024**